Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# આઝાદીની ચળવળ અને ગાંધીજી

**રમેશભાઇ ગોવાભાઇ ચૌધરી**
મદદ.પ્રા. સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, જાદર

પ્રસ્તાવના :

પ્રાચીન સમયથી વિશ્વમાં પ્રજા સ્વતંત્રતાની તરફેળમાં રહી છે, પરંતુ બીજી બાજુ પ્રજાને પરતંત્રતા પણ ભોગવવી પડી છે. પરતંત્ર પ્રજા વર્ષો સુધી અન્ય શાસનકર્તા ના હાથ નીચે અન્યાયો સહન કરે છે. આ પ્રજા વચ્ચે કેટલીક એવી વ્યક્તી આવી જાય છે , જે આ અન્યાય ને જોઇને પરતંત્રતા નામનું દૂષણ દૂર કરવા માટે અગ્રિમ ભૂમિકા ભજવે છે. આ વ્યક્તીનો એ દેશને સ્વતંત્રતા અપાવવામાં સિંહ ફાળો રહેલો હોય છે. અને પરિણામે દેશની પ્રજા મહદઅંશે આ વ્યક્તિના હાથમાં રહેલ ધુરાને દોરવાનું કામ કરે છે. વિશ્વમાં અબ્રાહમ લિંકન,નેલ્સન મંડેલા, વોશિંગટન અને ગાંધીજી જેવા વ્યક્તિઓએ પોતાના રાષ્ટ્ર માટે આઝાદીની ચળવળ ચલાવી અને દેશની પ્રજાને ગુલામીની ઝંઝીરોમાંથી મુક્ત કરી. ૧૮ મી સદીમા પ્લાસીના અને બકસરના યુદ્ધ બાદ ભારત પર બ્રિટનરો સત્તા પર આવ્યા અને દેશનું આર્થિક અને રાજકીય ક્ષેત્રે શોષણ કર્યુ. આ અન્યાય સામે અને દેશની આઝાદી માટે દેશના નામી અનામી પ્રજાજનોએ પુરતા પ્રયત્નો કર્યા. સ્વાતંત્રવીરો એ દેશભૂમિની સ્વતંત્રતા માટે પોતાના પ્રાણ પણ ન્યોચ્છાવર કરી દીધા. ૨૦ મી સદીમાં માહાત્મા ગાંધી બાપુએ આફ્રિકામાંથી આવીને દેશને આઝાદ કરવા માટે પ્રજામાં નવિન પ્રાણ પૂર્યા, અને દેશની આઝાદી માટે એક અલગ રાહ ચીંધી. આઝાદીની ચળવળમાં ૧૯ મી સદીમાં ૧૮૫૭ ના સ્વાતંત્રસંગ્રામના નેતાઓ થી માંડીને ક્રાંતિકારી પ્રવૃતિની શરૂયાત કરનાર વાસુદેવ બળવંત ફડકેનો ફાળો રહેલો છે. ૨૦ મી સદીમાં દેશ ખાતર પ્રાણનું બલિદાન આપનાર ખુદીરામ બોઝ, જતિનદાસ ,ભગતસિંહ, સુખદેવ ,રાજગુરુ જેવા કેટલાય ક્રાંતિકારીઓનો દેશને આઝાદી અપાવવામાં આપેલ અવ્વલ ફાળો નકારી શકાય નહિ. ૧૯૧૫ માં ગાંધીજી આફ્રિકાથી સત્ય અને અહિંસાનું શસ્ત્ર લઈને સ્વદેશ ભૂમિ પર આવ્યા. ગોપાલકૃષ્ણ ગોખલેને જાણ થઇ ગઇ હતી, કે આ મહાનવિભૂતિ દેશ માટે સકારાત્મક પગલાં ભરવા તત્પર છે. આથી ગોખલેએ મહાત્માને ૧ વર્ષ સુધી ભારત ભ્રમણ કરવા માટે સૂચન કર્યુ. ભારત ભ્રમણથી ગાંધીજીએ દેશની પ્રજાના પ્રશ્નો જોયા અને જાણ્યા. કેટલાક પ્રશ્નો માટે અંગ્રેજ સરકાર જવાબદાર હતી, એવું નિર્ધારિત પણ કરવામાં આવ્યુ અને પછી સત્ય ને અહિંસાના શસ્ત્ર દ્વારા પ્રજાને ન્યાય આપવા બાબતે સકારાત્મક પગલાં હાથ પર લીધા. હિંદમાં મહાત્મા ગાંધીજીના નેતૃત્વમાં મુખ્યત્વે ત્રણ ચળવળ ચલાવવામાં આવી હતી .

૧. અસહકાર આંદોલન ૨. સવિનય કાનૂનભંગ
૩. ભારત છોડો આંદોલન

<u>અસહકાર આંદોલન</u> :અનિષ્ટ સામેના પ્રતિકારનું ગાંધીપ્રયુક્ત અહિંસક શસ્ત્ર. સત્ય અને અહિંસા જેમ અનાદિકાળથી ચાલ્યાં આવે છે તેમ અનિષ્ટ પણ અનાદિકાળથી ચાલ્યું આવે છે. આ અનિષ્ઠ દૂર કરવા માટે ગાંધીજી અગ્રિમ હરોળમાં ગણી શકાય એવા પ્રયાસો કર્યા. દક્ષિણ આફ્રિકાની હિંદી પ્રજાને કનડગત કરવા રચાયેલા કાનૂનોનો સવિનય ભંગ કરેલો, ચંપારણમાં ગરીબ ખેડૂતોનું શોષણ કરતા નીલવરોના સિતમની તપાસ કરતા રોકવા માટેના અદાલતના મનાઈહુકમનો અનાદર કરેલો અને ખેડામાં પાક નિષ્ફળ ગયો હોવા છતાં મહેસૂલ વસૂલ કરવાના સરકારના અમાનુષી હુકમ સામે લડત ઉપાડેલી. ગાંધીજી દ્વારા અંગ્રેજો દ્વાર પસાર કરેલ “ રોલેટ એકટ” ને કાળો કાયદો કહીને પડકારવામાં આવ્યો. અને ૧૯૨૦ માં ગાંધીજીની આગેવાનીમાં અસહકાર આંદોલનનાં બીજ રોપાયા. વૈયક્તિક સંબંધોમાં અનિષ્ટ સામેના પ્રતિકારનું અનુપમ શસ્ત્ર હોવા ઉપરાંત રાજનૈતિક ક્ષેત્રે પણ અસહકાર એ પ્રતિકારનું ઉત્તમ સાધન છે.

જનતાના સક્રિય સહકાર વગર કોઈ પણ સરકાર ટકી ન શકે. અને ગાંધીજી એ આ અસહકારને એક ઉત્તમ શસ્ત્ર તરીકે વળી લીધું.સત્યાગ્રહના એક મહત્વના અંગ તરીકે રાજનૈતિક ક્ષેત્રે અસહકાર આંદોલન ઉપાડતી વખતે ગાંધીજીએ જણાવેલું કે સૌથી નિરંકુશ શાસન પણ જનતાની સંમતિ વિના નથી ચાલી શકતું. એવી સંમતિ નિરંકુશ શાસક મોટે ભાગે બળપૂર્વક મેળવે છે. જનતા જે ઘડીએ સ્વેચ્છાચારી સત્તાનો ડર છોડી દે તે ઘડીએ સત્તાની શક્તિ ખતમ થાય છે.

જે સરકાર જનતાની ભાવનાઓને ઠોકરે મારી તેની સાથે અનૈતિક અને અન્યાયપૂર્ણ વ્યવહાર કરે તે સરકારનો અસહકાર કરવો એ જનતાની ફરજ બની જાય છે. અસહકારના આ નિષેધાત્મક પાસાની સાથે તેનું એક વિધાયક પાસું એ છે કે લોકોમાં આંતરિક સહકારનો વિકાસ થવો જોઈએ. અન્યાય અને શોષણ પર ઊભેલી સામાજિક, રાજકીય કે આર્થિક વ્યવસ્થા સામેના અસહકાર સાથે લોકોમાં પરસ્પરના સહકારની નવી, ન્યાયી અને શોષણમુક્ત વ્યવસ્થા વિકસાવવાની શક્તિ પણ પેદા થવી જોઈએ, તો જ અસહકાર અસરકારક બને. ગાંધીજીએ કહેલું કે આ બધા જ પ્રકારનાં શોષણ શોષિતોના ઇચ્છિત કે અનિચ્છિત સહકાર પર જ નિર્ભર હોય છે. જો લોકો શોષકની આજ્ઞાનું પાલન કરવાનું બંધ કરી દે તો શોષણ થાય જ નહિ. પ્રાચીન ભારતીય રાજનૈતિક વ્યવસ્થામાં પણ એ વાતનો નિર્દેશ છે કે રાજા પ્રજા પર જુલમ ગુજારે કે અન્યાય કરે તો પ્રજા જંગલમાં જવાની ધમકી આપે અને કર ભરવો બંધ કરી દે અથવા સામૂહિક રૂપે રાજ્ય છોડી જાય.

ગાંધીજીએ અસહકારના આંદોલન દ્વારા સત્યાગ્રહને વધુ ગતિશીલ બનાવ્યો. એમનાં આંદોલનોમાં અસહકારના ત્રણ પ્રકાર જોવા મળે છે : હડતાલ, બહિષ્કાર અને સવિનય કાનૂનભંગ. ૧૯૧૮ માં અમદાવાદના મિલમજૂરોએ ગાંધીજીના નેતૃત્વ હેઠળ પાડેલી હડતાલ પહેલા પ્રકારના અસહકારનું ઉદાહરણ છે. બીજા પ્રકારનું ઉદાહરણ ૧૯૨૦-૧૯૨૧ માં ગાંધીજીએ દેશમાં ચલાવેલું અસહકારનું આંદોલન છે. એમાં સરકારી ઉપાધિઓ અને પદોનો ત્યાગ, સરકારી શાળા-કૉલેજોનો બહિષ્કાર, અદાલતોનો બહિષ્કાર, સરકારી નોકરીઓનો ત્યાગ અને વિદેશી વસ્તુઓનો બહિષ્કાર વગેરે બાબતોનો સમાવેશ થયો હતો. અહિંસક અસહકારની કેટલીક મર્યાદાઓ છે. અસહકારીએ જાતે કષ્ટ સહન કરીને ન્યાય મેળવવાનો છે. અસહકારના આંદોલન દરમિયાન પ્રજાની શક્તિ તૂટવી ન જોઈએ પણ કષ્ટસહન દ્વારા આંતરિક શક્તિ વધવી જોઈએ, કષ્ટસહન દ્વારા પ્રજાનું નૈતિક બળ અને સંગઠનશક્તિ વિકસવાં જોઈએ. ૧૯૨૦-૨૧ ના અસહકારના આંદોલનને સ્વયંસંચાલિત સંયોજનનું આંદોલન ગણાવીને ગાંધીજીએ એના નિષેધક અને વિધાયક પાસાં પર ભાર મૂકેલો. પોલીસ અને ફોજની નોકરી છોડનારને રાષ્ટ્રીય સ્વયંસેવક તરીકે એવી ફરજ અદા કરવા કહેલું. શિક્ષકોએ સરકારી શાળાઓ છોડીને રાષ્ટ્રીય શાળાઓ સ્થાપવાનું કહેલું. સરકારી અદાલતો છોડનાર વકીલોને પંચાયતી અદાલતો દ્વારા સસ્તી અને ઝડપી ન્યાયપદ્ધતિ વિકસાવવા જણાવેલું. વિદેશી કાપડના બહિષ્કાર અને હોળી સાથે એમણે રેંટિયા દ્વારા ખાદી-ઉત્પાદનનો કાર્યક્રમ આપેલો.

ત્યારે અસહકાર ચળવળ ચરમસીમાએ હતી અને તેને દેશભરમાંથી ઘણો ટેકો મળ્યો હતો. ગાંધી અચાનક ઉભા થયા અને આ ચળવળનો અંત લાવવાનો પ્રસ્તાવ મૂક્યો. કેટલાક કાર્યકર્તાઓ મૌન રહ્યા, પરંતુ મોટાભાગનાએ સ્પષ્ટપણે ના પાડી. પછી ગાંધી મૌન થઈ ગયા, પરંતુ બે દિવસ પછી એટલે કે ૧૨ ફેબ્રુઆરીએ, તેમણે અસહકાર આંદોલન પાછું ખેંચીને ૫ દિવસ માટે ઉપવાસ કર્યા.આ રીતે ૧૯૨૦-૨૧ માં અસહકાર આંદોલન પૂરું થયું પણ એક યા બીજા રૂપે તો તે સતત ચાલુ જ રહ્યું. આ આખીય લડત ઉપર દ્રષ્ટી નાખતાં એ સહેજે પારખી શકાય છે કે એના એકમાત્ર સૂત્રધાર ગાંધીજી હતા. લડતથી આઝાદી ન મળી , પરંતુ એનાથી ઘણા લાભ થયા એ નિ:શંક છે. લોકોમાં અસાધારણ જાગૃતિ આવી ,તેમના પોતાના હક્કનું ભાન થયું , તેમનામા નિર્ભયતા આવી.

સવિનય કાનૂનભંગ:

ગાંધીજીની આગેવાનીમાં ૧૯૩૦ માં સવિનય કાનૂનભંગના આંદોલન શરૂ કરવામાં આવ્યું. આ વખતે 'સવિનય' શબ્દ પર વિશેષ ભાર મૂકીને ગાંધીજીએ જણાવેલું કે, “અવજ્ઞા સવિનય ત્યારે જ થાય જ્યારે એમાં સચ્ચાઇ હોય, એ આદરપૂર્ણ અને નિયંત્રિત હોય, દંભપૂર્ણ પડકારની ભાવનાથી મુક્ત હોય, કોઇ બરાબર સમજાયેલા સિદ્ધાંત પર આધારિત હોય અને આ સૌથી મહત્વની શરત છે એની પાછળ કોઇ દુર્ભાવના કે ધૃણા ન હોય. ૧૯૩૦ ના સવિનય આંદોલન વખતે પણ ૧૯૨૦-'૨૧ ના અસહકાર આંદોલન વખતના બધા જ મહત્વપૂર્ણ કાર્યક્રમો સામેલ કરવામાં આવ્યા હતા.

અસહકારના રચનાત્મક પાસાઓ દ્વારા આગળના વર્ષોમાં સારી એવી પ્રગતિ થઇ અને ગાંધીજીએ સૂચવેલ કાર્યક્રમો લોક જીવનમાં વણી ગયા અને પરિણામે આઝાદીની ચરવળ સાથે સાથે લોકોના વિકાસ, રોજગારી, કુટેવોનું નિવારણ, અસ્પૃશ્યતા નિવારણ અને રાષ્ટ્રીય શિક્ષણ એ ખૂબ જ ફાયદાકારક રહ્યું. આમ ગાંધીજીના પ્રયત્નોથી એકંદરે લોક જુવાળ ઉભો થયો. ભલે આઝાદી ન મળી પરંતુ આઝાદીને અનુકૂળ અથવા ભારતની સ્વાતંત્રતા ઝંખતી પ્રજામાં ભારત પ્રત્યે એક અલગ પ્રકારની વૈચારિક ભાવના પેદા થઈ. આમ છતાં આ પછી ૧૯૩૦ માં ૨૬ જાન્યુઆરીએ પૂર્ણ સ્વરાજ દિન પાળવાનું ઠરાવ્યું અને ગાંધીજીએ પણ લોકોના મત લેવાનું સૂચવ્યું . અમે માનીએ છીએ કે કોઈપણ દેશના લોકોની માફક ભારતના લોકોને પણ પૂર્ણ સ્વરાજ ભોગવવાનો અધિકાર છે જેથી અન્ય લોકોની માફક તેમને પણ પોતાનો વિકાસ સાધવાની પૂરતી તકો મળે અને અમે માનીએ છીએ કે જો સરકાર લોકોના હક છિનવી લે અને તેમને પીડે તો તેને બદલવાનું કે નાબૂદ કરવાનો લોકોને હક છે. બ્રિટિશ સરકારે ભારતના લોકોને હકોથી વંચિત રાખ્યા છે એટલું જ નહીં પરંતુ આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક તથા નૈતિક રીતે પાયમાલ પણ કર્યા છે. માટે અમે માનીએ છીએ કે ભારતે બ્રિટિશ સરકાર સાથેના સંબંધો કાપી નાખી અને પૂર્ણ સ્વરાજ પ્રાપ્ત કરવું અતિ આવશ્યક છે. સવિનય કાનૂન ભંગ માટે ગાંધીજીએ બે માર્ચ, ૧૯૩૦ ના રોજ પત્ર લખ્યો અને તેમાં ૧૧ મુદ્દાઓ સમાવિષ્ટ કર્યા. આ સિવાય હિંદમાં થતા અન્યાયો અને અત્યાચારો જો નિવારવામાં નહીં આવે અને હિંદને ડૂમિનીયન સ્ટેટસ આપવાનું સરકાર વચન પાળે નહીં તો ગાંધીજીએ કાનૂનભંગની લડત લડવાનું નક્કી કરી દીધું. સવિનય કાનૂનભંગ આંદોલનના મુખ્ય બનાવોમાં ગાંધીજી દ્વારા આરંભાયેલ દાંડીકૂચ અગ્રિમ હરોળમાં હતી.આ દાંડીકૂચ ઇતિહાસમાં મહાભિનિષ્ક્રમણ તરીકે ઓળખવામાં આવે છે ગાંધીજીની આજ્ઞાથી ૮૦ સાથીઓ દ્વારા સાબરમતી આશ્રમ થી આ કૂચની શરૂયાત ૧૨ મી માર્ચ ૧૯૩૦ ના રોજ કરવામાં આવી હતી . હજારોની મેદનીમાં સત્યાગ્રહનો સંદેશો આપ્યો. ૩૦૦ કિલોમીટર ઉપરાંતનું અંતર કાપી ગાંધીજી પાંચમી એપ્રિલ, ૧૯૩૦ ના રોજ દાંડી મુકામે પહોંચ્યા, ત્યાં હજારો લોકો આમાં જોડાયા અને તેમનું સ્વાગત કર્યું . બોમ્બે ક્રોનિકલ નામના અખબારે પણ આ કુચની શરૂઆતના સમય અને પછીના સમયની નોંધ કરી છે અને આ કૂચમાં લોકોના અધમ્ય ઉત્સાહ અને ધીરજની ભારોભાર પ્રસંશા કરી છે. દ્રશ્ય અવર્ણીય કહેવાય તેનો ઉલ્લેખ કર્યો છે. આ સાથે સાથે ગાંધીજીએ વિદેશી કપડાં છોડીને ખાદીના કપડાં પહેરવાના દારૂબંધી અને સામાજિક સેવા કરવાના શપથ પણ લેવડાવ્યા હતા. આ લડત સ્વાતંત્ર પ્રાપ્ત કરવાની ધગશ સાથે સાથે ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમની પણ ઝાંખી કરાવે છે. આ લડતના અનુસંધાનમાં સરકારે ૧૯૩૦ ના રોજ મધ્યરાત્રીએ દાંડી નજીક આવેલા કરાડી ગામમાંથી ગાંધીજીની ધરપકડ કરી અને તેમને પુનાની યરવડા જેલમાં મોકલી આપ્યા. બીજે દિવસે ગાંધીજીની ધરપકડના ગંભીર પ્રત્યાઘાતો પડયા. ગાંધીજીની દોરવણીમાં શરૂ થયેલ સવિનય કાનૂનભંગ નું પ્રથમ ચરણ અવિરત પણે ચાલુ રહ્યું. અનેક સત્યાગ્રહીઓએ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે દાંડીકૂચમાં સામેલ થઇ અને દેશને આઝાદી અપાવવા માટેના બનતા પ્રયત્નો કર્યા હતા. વિલ મિલરે આ ચળવળની નોંધ લેતા કહ્યું કે, મેં અનેક દેશોમાં યુદ્ધો-રમખાણો જોયા, પરંતુ આ સત્યાગ્રહ દરમિયાન

જોયેલું સરકારી દમણ સૌથી વધુ અમાનવીય રહ્યું છે અને જ્યારે સામી બાજુએ સત્યાગ્રહીઓ દ્વારા ગાંધીજીએ ચિંધેલ માર્ગ પર અહિંસા, આત્મત્યાગ અને શિસ્તની ઊંચી ભાવના જોવા મળી છે.

હિંદ છોડો ચળવળ ,૧૯૪૨ :

૮મી ઓગસ્ટ, ઇ.સ. ૧૯૪૨ના દિને ગાંધીજી દ્વારા કરાયેલા આહ્‌વાન પર "ભારત છોડો" આંદોલનનો આરંભ થયો હતો. આ આંદોલન ભારત દેશના લોકોને તુરંત આઝાદ કરવા માટે અંગ્રેજી શાસન વિરુદ્ધ એક નાગરિક અવજ્ઞા આંદોલન હતું. ક્રિપ્સ મિશન માં વિફળતા મળ્યા બાદ મહાત્મા ગાંધીએ બ્રિટિશ શાસન ખિલાફ પોતાનું ત્રીજું મોટું આંદોલન છેડવાનો ફેંસલો કર્યો હતો. ઓગસ્ટ ૧૯૪૨માં શરૂ થયેલા આ આંદોલનને 'અંગ્રેજો ભારત છોડો' એવું નામ આપવામાં પૂર્ણ સ્વતંત્રતા મેળવવા વાસ્તે, ગાંધીજીના નેતૃત્વ હેઠળ, ઑગસ્ટ ૧૯૪૨ માં કૉંગ્રેસે શરૂ કરેલું આઝાદી માટેનું આખરી આંદોલન. ક્રિપ્સ મિશનની નિષ્ફળતા બાદ ગાંધીજીના વિચારોમાં પરિવર્તન થયું. 'હરિજન' અને 'હરિજનબંધુ' સાપ્તાહિકોમાં તેમણે લખ્યું કે 'હિંદુસ્તાન પર ગમે તે વીતક ભલે વીતો, પણ તેની સાચી સલામતી હિંદમાંથી અંગ્રેજો વેળાસર ચાલ્યા જાય એમાં રહેલી છે.' ગાંધીજીના 'હરિજન'ના લેખો અને 'હિંદ છોડો'ના સૂત્રે દેશભરમાં હલચલ પેદા કરી. વૃદ્ધે ચેતવણી આપવાના ભાવ સાથે પોતાના હાથ ઉઠાવ્યા અને 'કરો યા મરો'ના પ્રણ સાથેના બે શબ્દો ઉચ્ચાર્યા. આ સાથે જ ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યનો અંતિમ અધ્યાય શરૂ થયો. સરદાર પટેલ, રાજેન્દ્રપ્રસાદ, આચાર્ય કૃપાલાની વગેરે ગાંધીજી આપે તે કાર્યક્રમ અપનાવવા તૈયાર હતા; પરંતુ જવાહરલાલ નહેરુ અને મૌલાના આઝાદ માનતા હતા કે વિશ્વયુદ્ધ ચાલતું હોવાથી લડત ઉપાડવી યોગ્ય નથી. ભારતમાં બ્રિટિશનરોને સત્તા પરથી દૂર કરવા એક પછી એક આંદોલન થયા . વીસમી સદીના પ્રથમ દશકામાં બંગાળના ભાગલા પાડતાં સ્વદેશી આંદોલન દ્વારા આઝાદીની ચળવળ શરૂ થઈ . દ્વિતીય વિશ્વ યુદ્ધના પ્રારંભમાં ગાંધીજી અંગ્રેજોને અહિંસાત્મક નૈતિક સહયોગ આપવાના પક્ષધર હતા. પરંતુ કોંગ્રેસના ઘણા નેતા આ વાતથી નાખુશ હતા કે જનતાના પ્રતિનિધિઓના પરામર્શ વિના જ સરકારે દેશને યુદ્ધમાં ઝોંકી દીધો હતો. ગાંધીએ ઘોષણા કરી કે એક તરફ ભારતને આઝાદી આપવાથી ઈનકાર કરવામાં આવી રહ્યો હતો અને બીજી તરફ લોકતાંત્રિક શક્તિઓની જીત માટે ભારતને યુદ્ધમાં સામેલ કરવામાં આવી રહ્યું હતું. જેમ જેમ યુદ્ધ વધતું ગયું ગાંધીજી અને કોંગ્રેસે ભારત છોડો આંદોલનની માંગ તીવ્ર કરી દીધી. ભારત ચોડો સ્વતંત્રતા આંદોલનના સંઘર્ષનું સર્વાધિક શક્તિશાળી આંદોલન બની ગયા જેમાં વ્યાપક હિંસા અને ધરપકડ થઈ. આ સંઘર્ષમાં હજારોની સંખ્યામાં સ્વતંત્રતા સેનાની અથવાતો મૃત્યુ પામ્યા અથવા તો ઘાયલ થઇ ગયા અને હજારોની ધરપકડ પણ કરી લેવામાં આવી. ગાંધીજીએ સ્પષ્ટ કરી દીધું હતું કે તેઓ બ્રિટિશ યુદ્ધ પ્રયાસોને ત્યાં સુધી સમર્થન નહિ આપે જ્યાં સુધી ભારતને તત્કાળ આઝાદી આપવામાં ના આવે. તેમણે એમ પણ કહી દીધું હતું કે વ્યક્તિગત હિંસા છતાં આ આંદોલન બંધ ના થાય. તેમનું માનવું હતું કે દેશમાં વ્યાપક સરકારી અરાજકતા અસલી અરાજકતાથી બહુ ખતરનાક છે. ગાંધીજીએ તમામ કોંગ્રેસીઓ અને ભારતીયોને અહિંસા સાથે કરો યા મરોની સાથે અનુશાસન બનાવી રાખવા કહ્યું. જેમ કે બધાને અનુમાન હતું જ અંગ્રેજી સરકારે ગાંધીજી અને કોંગ્રેસ કાર્યકારણી સમિતિના તમામ સભ્યોને મુંબઈમાં ૯ ઓગસ્ટ, ૧૯૪૨ ના રોજ પકડી લીધા અને ગાંધીજીને પુણેની આગાખાન મહેલ લઈ જવામાં આવ્યા. જ્યાં તેમને બે વર્ષ સુધી બંદી બનાવીને રાખવામાં આવ્યા. આ દરમ્યાન ૨૨ ફેબ્રુઆરી, ૧૯૪૪ ના રોજ તેમના પત્નીનો દેહાંત થયો અને થોડા સમય બાદ ગાંધીજી પણ મલેરિયાથી પીડિત થઇ ગયા. અંગ્રેજ તેમને આવા હાલતમાં જેલમાં નહોતા રાખી શકતા માટે જરૂરી ઉપચાર માટે ૬ મે, ૧૯૪૪ ના રોજ તેમને છોડી મૂકવામાં આવ્યા. આંશિક સફળતા છતાં ભારત છોડો આંદોલને ભારતને સંગઠિત કરી દીધું અને દ્વિતિય વિશ્વ યુદ્ધના અંત સુધી સરકારે સ્પષ્ટ

સંકેત આપી દીધા હતા કે ટૂંકસમયમાં જ ભારતીયોના હાથમાં સત્તા સોંપી દેવામાં આવશે. ગાંધીજીએ ભારત ચોડો આંદોલન સમાપ્ત કરી દીધું અને સરકારે લગભગ ૧ લાખ રાજનૈતિક કેદીઓને છોડી મૂક્યા. દેશની આઝાદી પહેલા જ કહેવાઈ ગયું હતું, દ્વિતિય વિશ્વયુધ્દ સમાપ્ત થતાં બ્રિટિશ સરકારે ભારત દેશને આઝાદી આપવા તૈયાર રહેશે આવ્યું હતું. જો કે ગાંધીજીને તત્કાળ ગિરફ્તાર કરી લેવામાં આવ્યા હતા. આમ છતાં દેશ ભરના યુવા કાર્યકર્તાઓ હડતાળો અને તોડફોડ જેવી કારવાઇઓ કરીને આંદોલન ચલાવતા રહ્યા હતા. કોંગ્રેસ પક્ષમાં જયપ્રકાશ નારાયણ જેવા સમાજવાદી સદસ્ય ભૂમિગત પ્રતિરોધિ ગતિવિધિઓમાં સૌથી વધારે સક્રિય રહ્યા હતા. પશ્ચિમ ભાગમાં સાતારા અને પૂર્વ ભાગમાં મેદિનીપુર જેવા કેટલાય જિલ્લાઓમાં સ્વતંત્ર સરકાર, પ્રતિસરકારની સ્થાપના કરી દેવામાં આવી હતી. અંગ્રેજોએ આ આંદોલનના પ્રતિરોધમાં અત્યંત સખ્ત રવૈયો અપનાવ્યો હતો. આમ છતાં આ વિદ્રોહને ડામવા માટે સરકારને સાલ ભરથી પણ વધારે સમય લાગ્યો હતો. એ નિર્વિવાદ હકીકત છે કે ૧૯૪૨ ની હિંદ છોડો લડત સ્વાતંત્ર્ય- પ્રાપ્તિ માટે ભારતમાં લડાયેલી આખરી લડત હતી. માટે જ જયપ્રકાશ નારાયણે કહ્યું છે કે ફ્રાંસ દેશના ઇતિહાસમાં જે મહત્ત્વ ફ્રેન્ચ રાજ્ય ક્રાંતિનું છે તથા રશિયાના ઇતિહાસમાં જે મૂલ્ય રશિયન ક્રાંતિનું છે. તે જ મહત્ત્વ ભાર
રત દેશના ઇતિહાસમાં ’૪૨ ની “હિંદ છોડો” લડતનું છે.

❖ સંદર્ભસૂચી:


૧.અસહારની ચળવળ , લેખક: ડૉ. મુગટલાલ પી. બાવીસી

૨.હિંદ છોડો ચળવળ , લેખક:ડૉ. જયકુમાર ર. શુક્લ

૩.આધુનિક ભારતનો ઇતિહાસ અને ભારતના સ્વાતંત્રસંગ્રામો ભાગ-૨, લેખક: ડૉ. આર.કે.ધારૈયા પેજ નં. ૧૬ અને ૧૭

૪. એજન પેજ નં. ૭૨ થી ૭૫

૫.એજન પે નં. ૧૯૪ થી ૧૯૬

૬.આઝાદીની ચળવળના મહાન સૈનિક એવા ગાંધી ... આર્ટીકલ , ડો.મનીષ દોશી, તા: ૮ ઑગસ્ટ,૨૦૧૯